# મિશન મંગલમ તાલુકા પંચાયત પાટડી
# સાફલ્ય ગાથા

ગામનું નામ : પાટડી

તાલુકો : પાટડી જિલ્લો : સુરેન્દ્રનગર

## સ્વસહાય જુથની વિગત

જુથની રચના : ૨–૦૧–૨૦૦૬

જુથનું નામ : જય વડવાળા સખી મંડળ

પ્રમુખનું નામ : રબારી લક્ષ્મીબેન ભીમાભાઈ

મંત્રીનું નામ : રબારી જશીબેન દુદાભાઈ

જુથની પ્રવૃતિ : ચા તેમજ અન્ય વસ્તુ ની કેન્ટીન અને વેચાણ

સભ્ય સંખ્યા :૧૦

સભ્યની માસીક બચત : ૩૦૦

કુલ બચત : ૧૫,૦૦૦/–

બેકનું નામ : સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક , પાટડી ખાતા નંબર : ૫૪૪૫






## <u>પૂર્વ ભુમિકા</u>

અમો પાટડી ગામની બહેનો છીએ અમારા આખા કુટુંબનું ભરણપોષણ એક જ વ્યકિત પર હતુ. જેથી અમો અમારા કુટુંબનું યોગ્ય ભરણપોષણ આપી શકતા ન હતા. સ્ત્રી વર્ગ એ પણ પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થવા ઘરની બહાર નીકળવું પડે છે. પરીણામે ઘર અને બાળક તરફ ધ્યાન આપી શકાતુ નહોતુ જેથી આ યોજના અંતર્ગત ઘરેલું વ્યવસાય સાથે જોડાયા અને અમારી આર્થિક અને સામાજિક સ્થિતિમાં સુધારો થયો છે.

**<u>પ્રવૃતિ ની શરૂઆત</u>**

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરેન્દ્રગનર હસ્તકના મિશન મંગલમ યોજના અંતર્ગત અમારા મંડળ ની રચના થયેલ છે. જેમાં ૧૦ બહેનોથી અમારા મંડળની રચના કરેલ છે. અમારા મંડળનું ખાતુ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક પાટડી શાખામાં છે. અમારા મંડળની માસિક બચત રૂ.૩૦૦ છે.સભ્યોનું જીવન ધોરણ ઉચુ લાવવા અને આર્થિક રીતે પગભર કરવા માટે ચા કેન્ટીન તેમજ પાન પાર્લર ને લગતી વસ્તુઓનું વેચાણ શરૂ કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના જુદા જુદા ગામામાં બનેલ સ્વસહાય જુથો પૈકી નિયમીત રીતે બચત કરતા અને અંદરો અંદર ધિરાણની પ્રવૃતિ કરતા એ.પી.એલ. મહિલા સ્વસહાય જુથોનું બેક ગ્રેડીગ કરાવી. મિશન મંગલમ  યોજના અંતર્ગત પ્રોજેક્ટ કક્ષાએથી આર્થિક રીતે પગભર બનવા માટે દરેક જુથોને જુથદીઠ રૂા.૫,૦૦૦/– રીવોલીગફંડ આપેલ છે.તેમજ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક તરફથી માઈક્રોફાઈનાન્સ નાં રૂ.૧૫,૦૦૦ મળેલ છે.જેમાંથી અમો મંડળની બહેનો ચા  તેમજ અન્ય વસ્તુ ની કેન્ટીન અને વેચાણ કરીએ છીએ.અમો બેંકના હપ્તા નીયમીત ભરપાઈ કરેલ છે.અમારા કેન્ટીનમાં  રોજનું વેચાણ ૩૦૦રૂા. થાય છે.જેમાંથી માસિક નફો રૂા. ૫૦૦૦ જેટલો મળે છે. લક્ષ્મીબેન પોતે પગથી અપંગ છે અને કેન્ટીન નું કામકાજ સંભાળે છે.અમે અન્ય બહેનો તેના વેચાણ સાથે જોડાયેલ છીએ. મિશન મંગલમ યોજના હેઠળ  અમારામાં આત્મવિશ્વાસ માં વધારો થયો.

અમારા રબારી સમાજમાં  મુખ્ય વ્યવસાય પશુપાલન અને દૂધ વ્યાપાર હોવાથી મિશન મંગલમ યોજના ની સહાયથી અમારા પરિવારનું સારી રીતે ભરણપોષણ કરી શકીએ છીએ.



## સાર

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દવારા ચાલતી મિશન મંગલમ યોજના દવારા અમારા જુથની અમારા જેવી ગ્રામ્ય મહીલાઓના આર્થિક અને સામાજીક દરજજામાં સુધારો લાવવા માટે આત્મવિશ્વાસ અને આત્મસંમાન સ્વાયતતા ઉભી કરવા માટે આર્થિક રીતે આ યોજના અમો માટે મદદરૂપ બને છે. અમોને આ પ્રેરણા મળેલ છે.